ગાંધીનગર સમાચાર

# મોડાસામાં ૪૫ કિલો ચાંદીના તાજીયા બનશે

મોડાસા, તા. ૧

મહોરમ પર્વને બે માસનો સમય બાકી છે ત્યારે મોડાસાના કસ્બા ખાતે મુસ્લીમ બિરાદરો દ્વારા ચાંદી જડીત તાજીયા તૈયાર કરવામાં આવી રહ્યા છે.

કરબલામાં મેદાનમાં માનવતાના મૂલ્યો અને ઈસ્લામના સિદ્ધાંતો ખાતર શહીદી વહોરનાર હઝરત ઈમામ હુસેન અને હસનની યાદમાં



મહોરમ પર્વ મનાવવામાં આવે છે. હઝરત ઈમામની યાદમાં દર વર્ષે તાજીયા કાઢવામાં આવે છે. આ વર્ષે પણ અરવલ્લી જિલ્લાના મોડાસા કસ્બા ખાતે તાજીયા કમીટીના સભ્યો રહીમભાઈ જમાદાર, યાસીનભાઈ બેલીમ સહિતના કારોબારી સભ્યો ચાંદીના મહોરમ બનાવવા પૂરજોસથી તૈયારીઓ કરી રહ્યા છે.

આ તાજીયા ઉપર અંદાજે ૪૫ કિલો જેટલી ચાંદીનું વરખ ચઢાવવામાં આવશે. અમદાવાદના કારીગર ચંદુભાઈ અને મોડાસાના સોની કાસમભાઈ દ્વારા ઘડામણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે સુદાનના શાગના લાકડામાં બારીક નકસી કામ અને કુરાનની આયતો કારીગર દ્વારા કોતરવામાં આવી રહી છે. તાજીયાનું વજન અંદાજે ૬૦૦ કિલો રહેશે. આ તાજીયા બનાવવા પાછળ અંદાજે રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

# સિંચાઈ દર વ્યાજ માફી યોજના દ્વારા ખેડૂતોને ૨૪૫ કરોડની રાહત

**પિયાવાની બાકી મુદ્દલ ઉપરના વ્યાજ, દંડ કે દંડનીય વ્યાજની માફી : પિયાવાની બાકી મુદ્દલ રકમ આઠ હપ્તામાં ભરી શકશે : પરવાનગી વિના લેવાયેલ પાણીને પણ માફી યોજના લાગુ**

ગાંધીનગર, તા. ૧

રાજ્યના નાણાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતની ગતિશીલ સરકારે ખેડૂતોના હિતને હંમેશા પ્રાધાન્ય આપીને ખેડૂતોની સમૃદ્ધિ માટે અનેકવિધ પગલાં ભર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના કર્મઠ નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતના કર્મમંત્ર સાથે જળસંપત્તિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા અને રાજ્ય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીના માર્ગદર્શન હેઠળ રાજ્યના જળસંપત્તિ વિભાગે ફરી એક વખત ખેડૂતોના વિશાળ હિતમાં પગલાં ભરીને ‘સિંચાઈ દર વ્યાજ માફી યોજના-૨૦૧૫’ જાહેર કરી છે.

મંત્રીશ્રીએ આ યોજના સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે, જળસંપત્તિ વિભાગની વિવિધ સિંચાઈ યોજનાઓ પરથી ખેતીના હેતુ માટે અપાતા સિંચાઈના પાણીના પિયાવાની રકમ ખેડૂતો દ્વારા સમયસર ભરપાઈ નહિ કરી શકવાને કારણે તે પિયાવા ઉપરના વ્યાજની રકમ વધતી જાય છે. તેજ રીતે, બિનઅધિકૃત રીતે લીધેલ પાણીના પિયાવા ભરપાઈ નહિ કરી શકવાને કારણે તેવા પિયાવા ઉપર નિયમાનુસાર આકારેલ દંડ અને તેના ઉપરના વ્યાજની બાકી રકમ દિન પ્રતિદિન વધતી જાય છે. આ બાબતે રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય કરીને ગતિશીલ ગુજરાતના સર્વાંગી વિકાસમાં દરેક ખેડૂતને દેવાથી મુક્ત કરવાનો નિર્ધાર કરીને ‘ખુશહાલ ખેડૂત’ના ઉમદા અભિગમ સાથે સમગ્ર રાજ્યના ખેડૂતોને આવરી લેતી રૂ. ૨૪૫ કરોડની રાહત સાથેની ‘સિંચાઈ દર વ્યાજ માફી યોજના-૨૦૧૫’ જાહેર કરી છે.

આ યોજના અનુસાર આ યોજનામાં માફ કરવાપાત્ર રકમની ગણતરી માટે તા. ૩૧ માર્ચ, ૨૦૧૨ સુધીના હિસાબોને જ ધ્યાને લેવાના રહેશે અને આ યોજના એપ્રિલ-૨૦૧૬માં પૂર્ણ થશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા. ૧, એપ્રિલ-૨૦૧૨ની અસરથી પિયાવાના લેણાં થતાં નિયમાનુસાર તમામ પ્રકારના દરો નિયમિત રીતે ભરપાઈ કરવાના રહેશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ યોજના અનુસાર સિંચાઈ માટે અપાયેલ તા. ૩૧-૩-૨૦૧૨ સુધીની પાણીના સામાન્ય દર મુજબની બાકી રહેતી મુદ્દલ પિયાવાની સંપૂર્ણ રકમ આઠ માસ સુધીમાં ભરપાઈ કરી આપે તે ખાતેદારની પિયાવા ઉપર ચડેલ વ્યાજની સંપૂર્ણ રકમ માફ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સિંચાઈ માટે બિન-અધિકૃત રીતે ઉપાડેલ તા. ૩૧-૩-૨૦૧૨ સુધીની પાણીના પિયાવાની બાકી રહેતી મુદ્દલની સંપૂર્ણ રકમ આઠ માસ સુધીમાં એટલે કે તા. ૩૦-૪-૨૦૧૬ સુધીમાં ભરપાઈ કરી આપે તે ખાતેદારની તેવા બિન-અધિકૃત રીતે ઉપાડેલ પાણીના સિંચાઈ દર-પિયાવા ઉપર ચડેલ વ્યાજની સંપૂર્ણ રકમ, દંડનીય રકમ અને તે દંડનીય રકમ પર ચડેલ વ્યાજની સંપૂર્ણ રકમ માફ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

# વિસનગરમાં રમખાણો મામલે ધરપકડનો દોર શરૂ થતાં પુનઃ તંગદિલીભરી સ્થિતિ

મહેસાણા, તા. ૧

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં અનામતની મહારેલી બાદ તોફાનો ફાટી નીકળ્યા હતા. જે અંગે સ્થાનિક પોલીસમથકે ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાતા પોલીસે આરોપીઓની ધરપકડો શરૂ કરતાં શહેરમાં પુનઃ તંગદિલી ભરી સ્થિતિ પેદા થઈ છે.

વિસનગરમાં ફાયર ફાઈટર સળગાવવાના, તિરૂપતિ સર્જનની ઓફિસ સળગાવવાના તેમજ પોલીસ પર પથ્થરમારો કરી ફરજમાં રૂકાવટ કરવાના ગુના સંદર્ભે પોલીસે નવ પાટીદાર ઈસમોની ધરપકડ કરી હતી. જેના શહેરના પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. અને બજારો બંધ થઈ ગયા હતા. આ સમયે મહિલાઓનું મોટુ ટોળુ પોલીસમથકે ધસી ગયું હતું અને પકડાયેલ વ્યક્તિઓને છોડી મુકવાની માંગણી કરી હતી. મહિલાઓના હોબાળાને પગલે પોલીસે શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દઈ પકડાયેલ આરોપીઓને મહેસાણા ખસેડી દીધા હતા.

બાદ પકડાયેલા નવ આરોપીઓને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજે નામદાર અદાલતમાં રજૂ કરાયા હતા. જેમાં નામદાર અદાલતે નવ પૈકી ત્રણ આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા જ્યારે અન્ય છ આરોપીઓને સબ જેલમાં મોકલી આપવાનો હૂકમ કર્યો હતો. દરમિયાન આજે પણ મહિલાઓનું ટોળુ પોલીસ મથકે ધસી ગયું હતું અને પોલીસ મથકને ઘેરાવ કરી હોબાળો મચાવતા શહેરના મેઈન બજારો બંધ થઈ ગયા હતા અને ભારે અજંપાભરી સ્થિતિ ઉભી થઈ હતી.

# કાંકરેજ તાલુકા પંચાયતમાં ગેરરીતિ મામલે અધિકારીઓનું ભેદી મૌન

કાંકરેજ, તા. ૧

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિમાં થયેલ જાન-માલ પાક નુકશાનમાં વળતર સાથે સરકાર દ્વારા કેસડોલ પણ આપવામાં આવ્યું હતું. જેમાં બલોચપુર ગામમાં પક્ષા-પક્ષીનો માહોલ જોવા મળ્યો હતો.

કાંકરેજ તાલુકાના બલોચપુર ગામમાં કેસડોલ તેમજ પાક નિષ્ફળ મામલે ગામના તલાટી અને સરપંચ દ્વારા સર્વેની કામગીરીમાં મનમાની કરવામાં આવી હોવા અંગે ગ્રામજનોમાં ફરિયાદ ઉઠી હતી. બાદમાં આ મામલે ગ્રામજનોએ તાલુકા મામલતદાર જિલ્લા ગ્રામ એજન્સી અધિકારીને લેખિત રજૂઆતો કરી તપાસની માંગ કરી હતી. પરંતુ આજદિન સુધી બલોચપુર ગ્રામ પંચાયત સામે તપાસનો દોર શરૂ ન થતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. બલોચપુર ગામના વિકાસના કામો અને કેસડોલમાં આચરવામાં આવેલ ગેરરીતિની તપાસ થશે ખરા ? જેવા વેધક સવાલો ઉઠવા પામ્યા છે.

# રિસર્ચ પેપરોને રજુ કરવામાં યુનિવર્સિટી દેશમાં ત્રીજા ક્રમે

## દેશભરની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા અપલોડ કરાયેલા શોધપત્રોમાં યુનિવર્સિટીને ત્રીજો ક્રમાંક મળ્યો : અહેવાલ

અમદાવાદ, તા.૧

દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં શંસોધનને પ્રોત્સાહન આપવા માટે શોધગંગ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ યુનિવર્સિટીઓનાં વિદ્યાર્થીઓએ કરેલ શોધપત્રો આ શોધગંગા વેબસાઈટ પર અપલોડ કરવાનાં હોય છે. ત્યારે ગત શૈક્ષણિક વર્ષમાં દેશભરની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા અપલોડ કરાયેલા શોધપત્રોમાં ગુજરાત યુનિવર્સિટીએ ત્રીજો ક્રમાંક મેળવ્યો છે. જ્યારે દેશની ટોચની ૨૫ યુનિવર્સિટીઓની યાદીમાં ગુજરાતની અન્ય બે યુનિવર્સિટીને પણ સ્થાન મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશમાં વિવિધ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ સંશોધન પત્રો અન્ય સંશોધન કરતાં સ્કોલર વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની શકે તે હેતુથી ઈન્ફલીબનેટ દ્વારા શોધગંગા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ માટે ઈન્ફલીબનેટ દ્વારા દેશની વિવિધ ૨૨૮ યુનિવર્સિટીઓ સાથે કરાર કરાયા છે. જેમાંથી ૨૨૬ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ણમાં કુલ ૪૩૧૬૧ રિસર્સ પેપર્સને અપલોડ કરવામાં આવ્યા છે. આ યાદીમાં અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીએ દેશમાં ત્રીજા ક્રમાંકે રહી છે. જો કે શોધપત્રો અપલોડ કરવામાં દેશમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી મોખરે રહી છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી દ્વારા વધુ કુલ ૪૪૫૯ શોધપત્રો અપલોડ કરવામાં આવ્યા છે. જ્યારે ત્યાર બાદ બીજા ક્રમાંકે ૨૮૨૪ શોધપત્રો અપલોડ કરીને અન્ના યુનિવર્સિટી બીજા ક્રમાંકે રહી છે. તો ગુજરાત યુનિવર્સિટી ૨૮૨૨ શોધપત્રો અપલોડ કરીને આ યાદીમાં ત્રીજો ક્રમાંક મેળવવામાં સફળ રહી છે. ગુજરાત યુનિવર્સિટીએ અપલોડ કરેલા ૨૮૨૨ શોધપત્રોમાં સૌથી વધુ ડિપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રીના ૩૩૭ શોધપત્રોનો સમાવેશ થાય છે. જ્યારે ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સના ૨૮૨, ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતીના ૨૩૮ શોધપત્રોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ટોપ-૪૦ની યાદીમાં ગુજરાતની અન્ય બે યુનિવર્સિટીઓમાં વલ્લભ વિદ્યાનગરની સરદાર યુનિ ૬૦૧ શોધપત્રો અપલોડ કરીને દેશમાં ૧૯માં સ્થાને રહી છે. તો રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૫૫૪ શોધપત્રો અપલોડ કરીને દેશમાં ૨૧માં ક્રમાંકે રહી છે.

## સરોલી નજીકથી બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા ત્રણ ટ્રેક્ટર સીઝ

હિંમતનગર, તા.૧

હિંમતનગર તાલુકાના સરોલી ગામ નજીકથી બિનઅધિકૃત રીતે રેતી ખનિજ વહન કરતા ત્રણ ટ્રેકટરોને જિલ્લા ખાણખનિજ વિભાગની ટીમએ મંગળવારે ઝડપી લઈ સીઝ કર્યા હતા. મંગળવારે વિભાગની ટીમ દ્વારા હિંમતનગર તાલુકાના વિવિધ માર્ગો પર ગેરકાયદેસર રીતે ખનિજ વહન કરતા વાહનો સંદર્ભે ચેકીંગ હાથ ધરાયુ હતું. ખાણખનિજ વિભાગના અધિકારી કે.એમ.પટેલ, રોયલ્ટી ઈન્સપેકટર કે.કે.વ્યાસ સહિતની ટીમએ સરોલી નજીકથી બિનઅધિકૃત રીતે રેતી ખનિજ ભરેલા બે ટ્રેક્ટરો તેમજ રેતી ભરવા આવેલા એક ટ્રેક્ટર સહિત ત્રણ વાહનોને સીઝ કરી હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશન હવાલે કરાયા હતા.

## હિંમતનગરમાં સુરક્ષાસેતુ સોસાયટી દ્વારા કુંટુંબ સહાયતા કેન્દ્રનો પ્રારંભ

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાની મહિલાઓ, સિનીયર સીટીઝન તથા બાળકોને મૂંઝવતા વિવિધ પ્રશ્નોના સુખદ અને કાયમી ઉકેલ લાવવા માટે સુરક્ષાસેતુ સોસાયટી સાબરકાંઠા દ્વારા મંગળવારે હિંમતનગરની પોલીસવડાની કચેરી સામે કુંટુંબ સહાયતા કેન્દ્રનો પોલીસવડા પી.એલ.માલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ સહાયતા કેન્દ્રમાં અપમૃત્યુ, અકસ્માતમાં મોત, શારીરિક તથા માનસિક ત્રાસ, બળાત્કારનો ભોગ બનેલી પીડિતોને મદદ કરવા, ઘરેલુ હિંસા અટકાવવા, રોડ રોમીયાના ત્રાસ, બાળમજૂરી, શિક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે, વિદ્યાર્થીઓને પરીક્ષાનું ટેન્શન દૂર કરવા તથા વૃદ્ધોના પ્રશ્નો અંગે નિરાકરણ કરવા માટે નિષ્ણાંત કાઉન્સીલરો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અન્ય સરકારી સંસ્થાઓના સહયોગથી પ્રયાસ કરવામાં આવશે.

## રાયગઢના તળાવમાં ડૂબી જતા યુવાનનું મોત

હિંમતનગર, તા.૧

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામ પાસે આવેલ તળાવમાં મંગળવારે બપોરે નાહવા પડેલા સંચેરી ગામના અરવિંદસિંહ રતાજી ચૌહાણ (ઉ.વ.૨૫) નું ડૂબી જવાને કારણે પાણી પી જતા તેમનું મોત નિપજયુ હતું. જે અંગે રાકેશસિંહ રતાજી ચૌહાણે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## મજરા ખાતે ભૈરવદાદાનો યજ્ઞ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિરમાં મંગળવારના રોજ શાળામાં ભૈરવનાથ દાદાનો યજ્ઞ યોજાયો હતો. જેમાં ગામના અગ્રણીઓ સહિત માજીકૃષી મંત્રી ગોવિંદભાઈ પટેલ સહિત કારોબારીના સભ્યો તેમજ ૨૫૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જ્યારે યજ્ઞમાં બે શિક્ષકો અને પાંચ વિદ્યાર્થીઓએ યજમાન પદ શોભાવ્યું હતું. આ યજ્ઞમાં માધુભાઈ મિસ્ત્રી સહભાગી બન્યા હતા જ્યારે વિદ્યામંદિર શાળા પરીવાર તથા ગામના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર યજ્ઞનું આયોજન શાળાના આચાર્ય વસંતભાઈ પટેલ શિક્ષકગણ તેમજ ટ્રસ્ટે ભારે જહેમત ઉઠાવી હતી અને અમદાવાદના ભુદેવ મહેશભાઈ શાસ્ત્રીએ મંત્રોચ્ચાર વિધિવત યજ્ઞ કરાતા આખુંયે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## કઠવાવડી દૂધ મંડળીમાંથી ૩.૬૧ લાખની ઉચાપત કરતા ફરિયાદ

વિજયનગર તાલુકાના કઠવાવડી ખાતે આવેલ દૂધ મંડળીના માજી સેક્રેટરીએ વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન રૂા.૩,૦૧,૧૭૪ ની ગેરરીતિ તેમજ રૂા.૬૦,૦૨૦ની મળી રૂા.૩,૬૧,૧૯૪ ની ઉચાપત કરતા સોમવારે તેમની વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. કઠવાવડી દૂધ મંડળીમાં તા.૧/૪/૦૯ થી તા.૩૧/૩/૧૪ દરમિયાન મંત્રી તરીકે ફરજ બજાવતા રજુસિંહ દીપસિંહ ચૌહાણે સંસ્થાના વહીવટ દરમિયાન રૂા.૩,૦૧,૧૭૪ ની રકમની હંગામી ગેરરીતિ તથા રૂા.૬૦,૦૨૦ કાયમી ઉચાપત મળી રૂા.૩,૬૧,૧૯૪ ની ઉચાપત કર્યાનું ઓડિટ દરમિયાન બહાર આવ્યુ હતું. અંગે કઠવાવડીના આલુસિંહ વાઘસિંહ ચૌહાણે સોમવારે માજી સેક્રેટરી રજુસિંહ ચૌહાણ વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## વિચારોનાં... (ચોથા પાનાનું ચાલું...)

વાસ્તવમાં વૈશ્વાનર અગ્નિ સ્વરૂપે આપણામાં વિદ્યમાન છે.

ભોજન એ ભોગ માત્ર નથી પણ તેનાથી અનેક ગણું ચડીયાતું ચરણ છે. તૈતિરીય ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે. અન્ન બ્રહ્મ છે. અર્થાત્ અન્નનું ક્યારેય અપમાન ન કરવું જોઈએ. ભોજનપાત્રમાં અન્નને ત્યાગવું તે ભોજનનું અપમાન છે. જે ભોજન સાત્વિક મનથી બનાવવામાં આવ્યું હોય તેની અસર મન અને શરીર પર હકારાત્મક અસર ઉભી કરે છે. જેવું અન્ન હશે, એવું મન અને જેવું મન હશે એવું તન હશે. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે દુઃખોના નાશ કરનારા યોગ આહાર વિહાર કરનારાના, કર્મોમા યોગ્ય વ્યવહાર કરનારના અને યોગ્ય ઊંઘ લેનારા જ સિદ્ધ થાય છે. ચારિત્ર્યવાન થવા માટે આહાર, આચાર તથા વ્યવહારનું ધ્યાન રાખવું આવશ્યક છે.

બાળકને આશા નામની અંગૂઠી પહેરાવી દેવાથી જીવનની નાવને બરાબર હંકારી જશે. વિક્ટર હ્યુગોએ લખ્યું છે કે સારી આશાઓ, પ્રેમ તથા ક્ષમાની ભાથું લઈને ઘવું જોઈએ, સવારે તમે અત્યધિક આનંદ તથા પ્રસન્નતાથી જાગશો. વેદમાં કહેવામાં આવ્યું છે કે હજારો હાથથી ધન કમાઓ અને હજાર હાથથી અભાવગ્રસ્ત લોકોને મદદ કરો.

બાળકને જીવતે જીવ અધમૂવા કરનાર પરીબળોમાં માતૃભાષાના શિક્ષણથી વંચિત કરવું, શારીરિક રમતોથી વિમુખ કરવું, સગાસંબંધીઓથી દૂર કરવું અને માટીની સુગંધને તન પર લગાવવા ન દેવી તે મુખ્ય છે. એક બાળકનું બાળપણ શાળાના વર્ગખંડમાં શરૂ થાય અને શાળાના ઓરડામાં જ કટાઈ જાય તો સમજવું કે તે દેશ પ્રગતિના પંથે નથી.

ઘરની વધુ પડતી શિસ્ત બાળકને એની કુદરતી શક્તિઓને રોકી રાખનારી સાબીત થાય છે. સાયકલ પરથી પડનાર બાળક જીવનની દોડમાં બાજી મારી જશે. પણ ઘરના સોફા પર બેસીને માત્ર મૉબાઈલની ગેઈમ રમનાર બાળક એ ગઈમનો વિજેતા બનીને પણ ઘણી બાજી હારી જવાની ક્ષમતાઓ વધારતો જાય છે.

## Hello ફ્રેન્ડ્સ (ચોથા પાનાનું ચાલું...)

પણ એક વાત કહી દઉં અમારાં મનમાં એની આગવી ઈમેજ છે, અમને હાઉસવાઈફને જે શાંતિ એણે આપી છે, એવી તો બીજા કોઈએ નથી આપી... હવે, ‘મૅગી’ જેવી કેટલીયે આવશે અને જશે, પણ એનું સ્થાન તો કોઈ લઈ જ નહીં શકે!

મારી તો સગાઈ થઈ ત્યારથી જ ‘મૅગી’ મારી પાક્કી બહેનપણી બનીને મને મદદ કરતી રહી છે. હું કયારેક મૅગી સિવાય બીજું કંઈ બનાવું તો પણ મારાં ‘એ’ મને તરત જ કહે છે, ‘ડાર્લિંગ તારા હાથની તો મૅગી જ સરસ બન છે’ ... મને તો મૅગીના માનમાં ‘સિલસિલા’ ફિલ્મની અમિતાભની પેલી કવિતા જ યાદ આવે છે એમ કહી મમતા ગાવાં લાગી, ‘તુમ હોતી તો ઐસા હોતા, તુમ હોતી તો વૈસા હોતા...’

**ચૂંટલો :**

‘મૅગી’ જેવી ઝટપટ બનતી અને દિલોદિમાગમાં ઘર કરી ગયેલી ચીજ એ પરિવારની પ્રિય મૅમ્બરનો દરજ્જો ભોગવતી હતી. એ ભલે એનાં આરોગ્યપ્રદ અવગુણના કારણે તડીપાર થઈ હોય પણ એના વળગણથી પ્રિટી વુમન એમ એના ગુણોને જલ્દી ભૂલે એમ નથી!

## નવ દર્દી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં રક્તપિત્તના સર્વેલન્સનું સઘન મોનીટરીંગ પણ કરવામાં આવે છે. આ દર્દીઓને ૬ થી ૧૨ મહિના સુધીની સારવાર જે આપવામાં આવે છે તેનું પણ નિયમિત રીતે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે જેથી કોઈ કચાશ રહી ના જાય.

સર્વેલન્સ દરમ્યાન શંકાસ્પદ કેસો અલગ તારવવામાં આવે છે. આ પછી તબીબી અધિકારી દ્વારા તપાસ થાય છે અને તે બાદ શંકા દ્રઢ જણાય તો જિલ્લાકક્ષાએ તેવા કેસો મોકલવામાં આવે છે જ્યાં તેના વિવિધ પરીક્ષણો કરી સારવાર અપાય છે.

## રીસરફેસીંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાનુ પણ રીસરફેસીંગ કરવામાં આવશે. અગાઉ સરકાર દ્વારા કોર્પોરેશનને રસ્તાના કામો માટે રૂપિયા ૨૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ મહાનગરપાલિકા આ કામો કરવા માટે સક્ષમ ન હોવાથી માર્ગ મકાન વિભાગને આ રકમ ફાળવી દીધી છે. સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં કામ શરૂ કરી દેવાશે. તંત્ર દ્વારા આ અંગે વિભાગને જરૂરી મંજુરી આપવા પણ દરખાસ્ત પણ કરી છે.

## ઈતિહાસ સર્જ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિકેટ ઝડપી હતી. મેન ઓફ ધ મેચ તરીકે ચેતેશ્વર પુજારાની પસંદગી કરાઈ હતી. પુજારાને પ્રથમ વખત જ રમવાની તક મળી હતી અને તે પ્રથમવાર જ સદી ફટકારવામાં સફળ રહ્યો હતો. શિખર ધવન ઈજાગ્રસ્ત થતાં તે અધવચ્ચે નિકળી ગયો હતો. આ ટેસ્ટ મેચ ૧૧૭ રનથી જીતીને ભારતે નવો ઈતિહાસ રચ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ ટેસ્ટ મેચમાં શ્રીલંકાએ જીત મેળવી હતી. જ્યારે બીજી ટેસ્ટ મેચમાં ભારતે જીત મેળવી હતી. ભારતે ટેસ્ટ શ્રેણી બરોબર કર્યા બાદ આખરે આ ટેસ્ટ શ્રેણી જીતી પણ છે. ઘરઆંગણે શ્રીલંકાનો રેકોર્ડ ખૂબ સારો રહ્યો છે. પરંતુ ભારતે ૧૯૯૩ બાદથી ઈતિહાસ સર્જીને શ્રીલંકાની જમીન ઉપર ટેસ્ટ શ્રેણી જીતી લીધી છે. છેલ્લે અઝહરુદ્દીનના નેતૃત્વમાં ભારતે ૧૯૯૩માં શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણી ૧-૦થી જીતી લીધી હતી.

આ ટેસ્ટની જીત સાથે જ ક્રિકેટચાહકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ગઈકાલે જ ભારતની જીત નિશ્ચિત બની ગઈ હતી. કારણકે, શ્રીલંકાએ ઝડપથી બીજા દાવમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. આજે આખા દિવસ દરમિયાન તેને બેટિંગ કરવાની જરૂર હતી. ભારત તરફથી તમામ બોલરોએ લાઈનલેન્થ સાથે બોલિંગ કરી હતી અને શ્રીલંકાના બેટ્સમેનોને તક આપમ નહતી.

## વિપક્ષના નેતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકે પાલજના વતની અને ગાંધીનગર સહેરના યુવા અગ્રણી શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાની નિમણુંક કરવામાં આવી છે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય શ્રીમતી સોનિયા ગાંધીની સુચનાથી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહજી સોલંકી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના નેતા પદે એન.એસ.યુ.આઈ., યુવક કોંગ્રેસ અને ગાંધીનગર શહેર કોંગ્રેસમાં કર્મઠ ઉત્સાહી અને મિલનસાર વ્યક્તિત્વ ધરાવતા શ્રી બિહોલા સને ૧૯૯૫થી કોંગ્રેસ પક્ષના સક્રિય કાર્યકર છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા શ્રી બિહોલા પાલજ, ઈન્દ્રોડા, બાસણા, ધોળાકુવા, બોરીજ, સેક્ટર-૮-૯ના વોર્ડમાંથી ચૂંટાયેલા લોકપ્રિય ગ્રામીણ વિસ્તારવાળા જનપ્રતિનિધિની નિમણુંકને ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સહિત પ્રદેશ કોંગ્રેસના આગેવાનોએ વધાવી લીધી છે અને અભિનંદન પાઠવ્યા છે.

માનનીય પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના આદેશ અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકા સેવા સદનના કોંગ્રેસ પક્ષના નેતા તરીકે શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાને નિમવામાં આવે છે.

## અનામત આંદોલનને

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ જણના મોત થયા છે. જેમના પરિવારજનોને સહાય કરવા માટે આગામી દિવસોમાંથી ૧૦ બેન્ક એકાઉન્ટ ખોલાવવામાં આવશે. અને તે એકાઉન્ટ જાહેર કરવામાં આવશે. જેથી જે લોકોને સહાય કરવી હશે તે સહાય પોતાની રીતે કરી શકશે.

આ સિવાય સુરતમાં ફરજ બજાવતાં હિસાંમાં મોતને ભેટેલા કોન્સ્ટેબલ દિલીપ સિંહ રાઠવાના પરિવારને સમિતીએ એક લાખની સહાયની જાહેરાત કરી હતી. આંદોલનની ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધારવાની જાહેરાત કરતાં સમિતીના કન્વિનરે વધુમાં જણાવ્યું હતું કે, હવે પછીનું આદોલન એકદમ શાંતિપૂર્ણ રીતે આગળ વધશે. કોઈ જ હિંસા પાટીદારોના નામે ન થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવશે. સૌ પ્રથમ સુરતમાં જ્યાં જ્યાં હિંસાના બનાવો બન્યા છે. તેવા સરથાણા, વરાછા અને કતારગામ વિસ્તારોમાં પ્રતિક ઉપવાસ કરવામાં આવશે. પોલીસ પાસે આ અંગે પરમીશન માંગી છે. પોલીસ પરમીશન આપશે તો જાહેરમાં ઉપવાસ પર બેસવામાં આવશે અને નહીં આપે તો ઈજાગ્રસ્તોની સોસાયટીની અંદર પ્રતિક ઉપવાસ કરવામાં આવશે. ગાંધીજીએ અંગ્રેજો સામે દાંડીયાત્રા યોજીને સરકારને હલાવી દીધી હતી. તે જ રીતે આગામી દિવસોમાં દાંડીયાત્રા હાર્દિક પટેલના નેજા હેઠળ યોજવામાં આવશે. હાર્દિક પટેલે એમપણ કહ્યું હતું કે, દાંડી યાત્રાના રૂટ અને સમય અંગે હજુ નિર્ણય કરાયો નથી. આ અંગે વિચારણા ચાલી રહી છે. પદયાત્રા ચોક્કસપણે યોજવામાં આવશે તેવો સંકેત અપાયો હતો.